**ક્રિમીનલ કેસ નં.૨૦૦૩૯૯/૨૦૦૯ ના કામે આંક–૧ લગત હુકમ.**

---

આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો રજીસ્ટ્રાર ઓફ કંપની કે જે ફરીયાદી છે તેઓએ કુલ ૩ આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરેલી છે. જેમાં આરોપી નં.૧ કંપની છે અને આરોપી નં.ર અને ૩ તેના ડાયરેકટરો છે. ત્યારબાદ આરોપીઓ ને સમન્સ/વોરંટની બજવણી માટે પ્રોસેસ કરવામાં આવેલ હોવા છતાં આરોપીઓને સમન્સ/વોરંટ બજે કે વગર બજે પરત આવેલ નથી. આ બાબતે ફરીયાદપક્ષના સ્પે. વિ.પ્રોસિકયુટરનું પણ ધ્યાન દોરવામા આવેલ અને સરનામું રજૂ કરવા જણાવેલ, પરંતુ તેઓ તરફથી આજદિન સુધી આરોપીઓના સરનામા રજૂ કરવામા આવેલ નથી તેમજ અરજીઓ પણ રજૂ કરવામા આવેલ નથી. હાલની ફરિયાદ એ ખાનગી ફરિયાદ તરીકે દાખલ થયેલ છે તેથી ફરિયાદીની ફરજ છે કે, આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી થાય તેવી કાર્યવાહી કરવી અને જો આરોપીઓના સરનામા ન હોય તો પણ તેઓએ સરનામું મેળવીને રજૂ કરવું જોઈએ. અદાલત પોતે આરોપીઓનું સરનામું મેળવી શકે તેમ નથી, જેથી જો ફરિયાદી આરોપી ઓના સરનામા રજૂ ન કરે તો તે કારણસર કેસની કાર્યવાહી આગળ વધી શકે નહીં અને આજ કારણસર છેલ્લા કેટલાક વર્ષોથી આરોપીઓના સરનામા વગર કેસની કાર્યવાહી આગળ વધી શકેલ નથી. નામદાર હાઈકોર્ટે પણ જૂના કેસમાં તુર્ત જ નિકાલ કરવા બાબતે સુચનો કરેલ છે. આ સંજોગો માં ફરિયાદી આટલા વર્ષોમાં પણ આરોપીઓના સરનામા રજૂ કરી શકેલ ન હોય અને તે કારણે કેસની કાર્યવાહી આગળ વધી શકે તેમ ન હોઈ એક માત્ર વિકલ્પ અદાલત પાસે ફરિયાદ કાઢી નાખવાનો જ રહે છે જે તમામ હકીકત ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧. આ કામે આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી કરાવવા માટે પુરતો પ્રયત્ન કરાવવા છતાં સમન્સ/વોરંટ બજેલ નથી તેમજ ફરીયાદપક્ષે આરોપીના સાચા સરનામા રજુ કરેલ ન હોય સદર કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે અને આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ફરીયાદપક્ષને ભવિષ્યમાં આરોપીઓ અગર તો આરોપીઓના સરનામાં મળી આવે તો તેઓ હાલના કેસમાં તે સંબંધે જરુરી કાર્યવાહી કરી શકશે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧/૧૨ /૨૦૨૧
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ,કોડ નં.જીજે૦૦૬૩૩